| | | | |
|---|---|---|---|
| Published Date: | 3 Jul 2023 | Publication: | Financial Express (Gujarati) [Ahmedabad] |
| Journalist: | Saikat Neogi | Page No: | 10 |
| Circulation: | 17,000 | | |

# કોર્પોરેટ બોન્ડ ફંડ્ઝ હવે આકર્ષક દેખાઇ રહ્યા છે

**સૈકત નિઓગી**

કોર્પોરેટ બોન્ડ ફંડો હવે બેંક ફિક્સ્ડ ડિપોઝિટસની તુલનાએ ઊંચી ઉપજની ઓફર કરી રહ્યા છે, આવી લાંબા સમયગાળાની દેવા યોજનાઓમાં રોકાણ એ સારો વિકલ્પ બની શકે છે. જો કે, રોકાણકારોએ પોર્ટફોલિયાની ક્રેડિટ ક્વોલિટીનું મૂલ્યાંકન અવશ્ય કરવું જોઇએ અને એ ખાતરી કરવી જોઇએ કે પોર્ટફોલિયાનો મોટો ભાગ બોન્ડમાં રોકવામાં આવે તે બોન્ડ એએ પ્લસ અને તેનાથી ઉપરના હોય કે જેથી સલામતી રહે. રિઝર્વ બેન્કે તેના મુખ્ય વ્યાજ દર-રેપો રેટમાં ગત વર્ષના મે માસથી સંખ્યાબંધ વધારા કર્યા બાદ રેપો રેટ સતત બીજી વાર નાણાંકીય નીતિમાં ૬.૫૦ ટકા યથાવત રાખ્યો હતો. દર નક્કી કરતી પેનલે એવો પણ નિર્ણય કર્યો હતો કે સમાવેશકારી નીતિ પાછી ખેંચવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે કે જેથી ફુગાવો લક્ષ્યાંક સાથે સંકળાયેલો રહે, જ્યારે વિકાસને ટેકો આપવામાં આવે. પરિણામે,
1 કોર્પોરેટ બોન્ડ ઇસ્યૂઅન્સીઝમાં છેલ્લા બે માસમાં ઉછાળો રહ્યો છે.

**આકર્ષક પ્રસાર –**

મોટા ભાગના આવા બોન્ડ ઇસ્યૂઅન્સીઝ ત્રણથી પાંચ વર્ષમાં મધ્યમ ગાળાના બકેટમાં જોવાયા છે. પ્રસાર ખરેખર આકર્ષક દેખાય છે, ખાસ કરીને રોકાણકારો માટે રોકાણ મેચ્યુરિટી પ્રોફાઇલ ચારથી છ વર્ષ વચ્ચેની હોવી જોઇએ. વધુમાં, સિસ્ટેમિક લિક્વિડિટીની એવી કોઇ અપેક્ષા રાખવામાં આવી નથી જે કોઇ પણ નકારાત્મક આશ્ચર્ય ન સર્જે કેમ કે આરબીઆઇ સાનુકૂળ તરલતા માટે પ્રતિબદ્ધ છે, પ્રસાર વર્તમાન રેન્જમાં રહેવાની સંભાવના છે.

તાતા મ્યુચ્યુઅલ ફંડના ફિક્સ્ડ ઇન્કમ, સિનિયર ફંડ મેનેજર અખિલ મિત્તલ કહે છે કે વર્તમાન વ્યાજ દરોને જોતાં, તેમાં ઘણા કોર્પોરેટ બોન્ડ ફંડસ સરખામણીએ ઊંચી ઉપજો ધરાવતા હોવાથી, તે આવા ફંડસમાં રોકાણ કરવાનો કમ્પેલિંગ કેસ બનાવે છે. સાથે એવું પણ માનવામાં આવે છે કે પોલિસી દર હવે ધરી પર આવી ગયા હોવાથી, વ્યાજ દરોનું ભાવિ વ્યાપક વલણ ઘટાડાનું રહેશે. તેથી કોર્પોરેટ બોન્ડ ફંડસ વર્તમાન દર ચક્રને ઝડપવા સક્ષમ રહેશે, તેમ તેઓ કહે છે.

આ જ રીતે, ફિસ્ડોમના રિસર્ચ વડા નિરવ કારકેરા કહે છે કે કહે છે કે મેક્રોઇકોનોમિક વાતાવરણ ક્રમશઃ મજબૂત બનતું જાય છે તેના માટે કોર્પોરેટ બોન્ડસની કેટલીક ફાળવણી જરૂરી છે. જ્યારે કોર્પોરેટ બોન્ડસ ક્રેડિટના સંદર્ભે અહીં જોખમ હોવાથી સમયગાળા ઉપરાંત તરલતા સાથે આવે છે, પર્યાવરણ આવા બોન્ડસના વધારાના સ્થળને સપોર્ટ આપે છે જ્યારે વ્યક્તિની રોકાણ ફાઇલ સાથે સંલગ્ન જોખમોનું મેનજિંગ કરે છે, તેમ તેઓ કહે છે.

કોર્પોરેટ બોન્ડસ રોકાણ પરના પ્રિડિફાઇન્ડ વ્યાજની ઓફર કરતા નથી જેવા કે ફિક્સ્ડ ડિપોઝીટસ અને વળતર પરિબળો જેવા કે પોર્ટફોલિયો ક્વોલિટી, સરેરાશ મેચ્યુરિટી અને વ્યાજ દર.

માયવેલ્થ-ગ્રોથડોટકોમના સહ-સ્થાપક હર્ષદ ચેતનવાલા કહે છે કે આવા પરિબળોના કારણે, તે ઊંચા વળતર સર્જતી તકોની પણ ઓફર કરે છે જ્યારે તેની ફિક્સ્ડ ડિપોઝીટસ સાથે સરખામણી કરવામાં આવે છે. રોકાણકારોએ વૈવિધ્યપૂર્ણ વલણને અનુસરવું જોઇએ જ્યારે ફાળવણીના કેટલાક ભાગ રૂપે દેવા-આધારિત રોકાણો પર કામગીરી કરવામાં આવે ત્યારે કોર્પોરેટ બોન્ડસની વિચારણા કરવામાં આવે, તેમ તેઓ કહે છે.

**ડ્યૂરેશન કોલ –**

વ્યાજ દરો ધરી બન્યા હોવાથી, લાંબા સમયગાળાના રોકાણો કોર્પોરેટ બોન્ડ કેટેગરીમાં રોકાણ કરવાનું વધુ બુદ્ધિગમ્ય બની રહે છે. રોકાણકારોએ એ નોંધ રાખવી જ રહી કે લાંબા સમયગાળાના ફંડોમાં ટૂંકા સમયગાળાના રોકાણો અપેક્ષાથી ઓછું વળતર અપાવી શકે છે જો માર્કેટ વોલેટાલિટી રિડમ્પશન સમયગાળા સાથે સહબનાવ રૂપે હોય.

કોર્પોરેટ બોન્ડ, પરંપરાગત વિકલ્પોથી વિપરીત, જોખમની ઊંચી ડિગ્રી કેરી કરે છે, જેના કારણે ઊંચી ઉપજ મારફત વળતર આપે છે. રોકાણકારોએ એ વાતની ખાતરી કરવી જ જોઇએ બોન્ડની પસંદગી સાથેના જોખમો તેઓના વ્યક્તિગત જોખમ અને રોકાણ પ્રોફાઇલ સાથે સંકળાયેલા હોય છે. જ્યારે રૂઢિચુસ્ત રોકાણકારોએ અવશ્ય નાની ફાળવણીઓ એએ અને તેનાથી એબવ-રેટેડ પેપર્સમાં કરવી જોઇએ, આક્રમક વન્સ સાપેક્ષ રીતે ઓછા રેટેડ પેપર્સમાં ક્રેડિટ તકોને એક્સ્પ્લોર કરી શકે છે.

સમયગાળાનું જોખમ ઘટાડવાનો આદર્શ છે કે પેપર્સમાં રોકાણને રેસિડ્યૂઅલ મેચ્યુરિટી જે રોકાણ ક્ષિતિજને અનુકૂળ હોય તેમા રોકાણ કરવું જોઇએ, આથી, તેમાં મેચ્યુરિટી ધરાવી શકાય.

કારકેરા કહે છે કે એગ્રેસિવ પ્રોફાઇલ સાથેના લાંબા સમયગાળાના રોકાણકારો માટે, ચારથી છ વર્ષના સમયગાળામાં ઊપજ આકર્ષક જોવાઇ રહી છે. નાની ફાળવણીઓ પેપર્સમાં કરવામાં આવે તે વ્યાજ દર માળખામાં વહેલી રિવર્સલ શક્યતાના પ્રિમાઇસીઝ પર લાંબા સમયગાળા સુધી રહેવી જોઇએ, તેમ તેઓ સ્પષ્ટ કરે છે. અમને અપેક્ષા છે કે વ્યાજ દરો વહેલા રિવર્સલની ઓછી સંભાવના સાથે લાંબા સમયગાળા માટે ઊંચા રહી શકે છે. આથી લાંબા સમયગાળામાં ફાળવણીનું પ્રમાણ લગભગ સરખું રહી શકે છે.

ક્રેડિટ રિસ્ક ક્રેડિટ રેટિંગ એ અગત્યના પરિબળોમાંનું એક પરિબળ છે જે દેવાં રોકાણના લાંબા સમયગાળા માટેના પરફોર્મન્સને નક્કી કરે છે, કારણ કે એસેટ અન્ડર પરફોર્મન્સ સ્કીમના ૮૦ ટકા રકમનું એએપ્લસ કે તેથી વધુ રેટેડ કોર્પોરેટ બોન્ડમાં રોકાણ થયેલું છે.

આ કેટેગરીઝની ક્રેડિટ ક્વોલિટી ઘણી ઊંચી રહી છે. જો કે, રોકાણકારોએ અવશ્ય નોંધવું જોઇએ કે ક્રેડિટ રેટિંગમાં ફેરફારો અને કોઇપણ વિપરીત બનાવોના કોઇપણ કેસમાં આવા ફંડોમાં એક્સ્પોઝર ઘટવું જોઇએ. મિત્તલ કહે છે કે રોકાણકારોએ આવી કોઇપણ સ્કીમમાં એક્સ્પોઝર લેવાનું નિવારવું જોઇએ, જે તેઓના વ્યક્તિગત પોર્ટફોલિયામાં ઘણું ઊંચું ક્રેડિટ જોખમ ધરાવે છે.

Display: 2/2